# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-01-2025** | **Morning : 7.10 to 7.20**

**Day : Wednesday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1) નવી આશા, ઉમંગ અને પડકારો સાથે વર્ષ 2025નો આજથી પ્રારંભ.
2) રાજ્ય સરકાર દ્વારા પહેલી વાર એચ ટાટ મુખ્યશિક્ષકો માટે જિલ્લા ફેરબદલી ઑફલાઈન કેમ્પનું આયોજન કરાશે.
3) ગુજકેટ 2025 પરીક્ષાના ઑનલાઇન આવેદનપત્ર સાત જાન્યુઆરી સુધી ભરી શકાશે.
4) ગીર સોમનાથના વલાદર આરોગ્ય અને સારસંભાળ કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર NQAS એનાયત.
5) રાજ્યમાં આગામી પાંચ દિવસમાં ઠંડીનું પ્રમાણ ઘટવાની આગાહી.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# New Year

નવી આશા, નવા ઉમંગ અને નવા પડકારો સાથે આજથી વર્ષ 2025નો પ્રારંભ થયો છે. રાજ્યભરમાં નવા વર્ષનું ધામધૂમપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. રાજ્યભરમાં લોકોએ નવા વર્ષને અનેરા ઉત્સાહ સાથે આવકાર્યું હતું. લોકોએ આતશબાજી અને રોશનીના ઝગમગાટ વચ્ચે ઉલ્લાસભેર નવા વર્ષનું સ્વાગત કર્યું હતું. રાજ્યના તમામ મહત્વના સ્થળોએ લોકોએ મોડી રાત સુધી ઉજવણી કરી એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.

# DWARKA NEW YEAR

દેવભૂમિ દ્વારકા જીલ્લાના સનસેટ પોઇન્ટ પર ગઇકાલે વર્ષ 2024નો છેલ્લો સૂર્યાસ્ત જોવા દર વર્ષની જેમ આ વખતે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા હતા. દરમિયાન, એક પ્રવાસીએ આ અંગે પ્રતિક્રિયા આપી હતી.

**(બાઈટ : દીપ્તિ પ્રવાસી , પંજાબ)**

# GUJ. CABINET

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક મળશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ બેઠકમાં આગામી બજેટની તૈયારીઓ તથા બજેટ સત્ર અંગે ચર્ચા થશે. તેમજ PMJAY માં થયેલી ગેરરીતિ બાદ આરોપી કર્મચારીઓ સામે લેવાયેલા પગલાં, પ્રજાસત્તાક દિવસની ઉજવણીના કાર્યક્રમોની પણ ચર્ચા કરાશે. ઉપરાંત, ટેકાના ભાવે મગફળી ખરીદીની અને રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો અંગેની સમીક્ષા કરાશે.

# HTAT FERBADLI OFFLINE CAMP

રાજ્ય સરકાર દ્વારા પહેલી વાર એચ ટાટ મુખ્યશિક્ષકો માટે જિલ્લા ફેરબદલી ઑફલાઈન કેમ્પનું આયોજન કરાશે. શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે સોશિયલ મીડિયા એક્સ પર જણાવ્યું કે, એચ ટાટ મુખ્યશિક્ષક દ્વારા ફેરબદલી માટે અરજી આજથી શરૂ થઈ આ સાત જાન્યુઆરી સુધી કરી શકાશે. તેમની અરજીઓની ચકાસણી કરી માન્ય કે અમાન્ય કરી જિલ્લાકક્ષાએ રજૂ કરવાની તારીખ 10 જાન્યુઆરી સુધીની રખાઈ છે.

જ્યારે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા રજૂ કરાયેલી અરજીની ચકાસણી કરી તેને માન્ય કે અમાન્ય કરવા માટેની તારીખ 16 જાન્યુઆરી રહેશે. એચ ટાટ મુખ્યશિક્ષકો દ્વારા કરાયેલી અરજીઓ તમામ આધાર-પૂરાવા સહિત મંજૂર કરવાપાત્ર અરજીઓની જિલ્લાવાર તૈયાર કરી અસલ અરજી સંબંધિત જિલ્લાઓને 17 જાન્યુઆરીએ આપી શકાશે. 19 જાન્યુઆરીએ સંબંધિત જિલ્લાને મળેલી અરજીઓની અગ્રતા કે શ્રેયાનતા

**મુજબની યાદી જાહેર કરાશે. ત્યારબાદ 27 જાન્યુઆરીએ જિલ્લા ફેરબદલી માટે કેમ્પ દ્વારા શાળા પસંદગી કરાવી હુકમ ઈશ્યુ કરાશે.**

# GUJCET 2025

ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા એટલે કે ગુજકેટ 2025 પરીક્ષાના ઓનલાઇન આવેદન પત્ર ભરવાની તારીખ સાત જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. ગુજરાત માધ્યમિક- ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઇજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવાતી ગુજકેટ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ સાત જાન્યુઆરી સુધી અરજી કરી શકશે. બોર્ડની વેબસાઇટ GUJCET.GSEB.ORG પર આવેદનપત્ર ભરવાની સૂચના તથા માહિતી પુસ્તિકા મુકવામાં આવી છે.

# VEER MEGHMAYA TAPAL TICKET

**ભારતીય ટપાલ વિભાગે રાજ્યના શહીદ સંત ‘વીર મેઘમાયા’ પર પાંચ રૂપિયાની સ્મારક ટપાલ ટિકિટ જાહેર કરી છે. સત્તાવાર યાદી મુજબ, ધોળકા નજીક રનોડા ગામમાં અંદાજે એક હજાર વર્ષ પહેલા જન્મેલાં વીર મેઘમાયાએ જનકલ્યાણ માટે જીવનું બલિદાન આપ્યું હતું.**

**આ સ્મારક ટપાલ ટિકિટ અને તેની સાથે જ જાહેર થયેલાં પ્રથમ દિવસ આવરણ અને માહિતીપત્ર દેશભરના ડાકઘરોમાં આવેલા ફિલાટેલિક બ્યૂરોમાં વેચાણ માટે ઉપલબ્ધ રહેશે. તેમજ ઈ-પૉસ્ટઑફિસ દ્વારા આ ટિકિટ ઑનલાઈન પણ મગાવી શકાય છે.**

**આ અંગે વિશ્વ મેમૉરિયલ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટરના અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ડૉ. કિરિટ સોલંકીએ વધુ માહિતી આપી હતી.**

## (બાઈટઃ ડૉ. કિરિટ સોલંકી, પૂર્વ સાંસદ)

# GIR SOMNATH- NQAS AWARD

કેન્દ્ર સરકાર દ્વારા ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના વલાદર આરોગ્ય અને સારસંભાળ કેન્દ્રને નેશનલ ક્વૉલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ- NQAS પ્રમાણપત્ર એનાયત કરાયું છે. ગુણવત્તા, જ્ઞાન કૌશલ્ય, ઇન્ફેકશન કંટ્રોલ અને સ્વચ્છતાલક્ષી સ્વાસ્થ્ય સુવિધાઓ, દર્દીઓમાં જાગૃતિ લાવવાની કામગીરી તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓ પ્રદાન કરવા બદલ આ કેન્દ્રને આ પુરસ્કાર એનાયત કરાયો છે..

આ કેન્દ્રની આરોગ્યલક્ષી સેવાઓનું મૂલ્યાંકન કરી તેનો અહેવાલ ભારત સરકારને સુપરત કરાયો હતો, જેમાં 90.12 ટકા સ્કોર સાથે વલાદર આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર મળ્યું છે.

# WEATHER

**રાજ્યના હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી પાંચ દિવસમાં રાજ્યનું લઘુત્તમ તાપમાન 2થી 3 ડિગ્રી સુધી વધશે. મુખ્યત્વે ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં તાપમાનમાં ક્રમશઃ વધારો નોંધાશે, જેથી ઠંડીનું પ્રમાણ ઘટશે. હાલમાં સૌરાષ્ટ્ર ઉપર ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવન**

ફૂંકાઈ રહ્યા હોવાથી ત્યાં ઠંડીનું પ્રમાણ યથાવત્ છે. જ્યારે ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે, જેથી ત્યાં તાપમાનનું પ્રમાણ થોડા અંશે વધુ રહેવાની સંભાવના છે.

આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે માહિતી આપી હતી.

(બાઈટઃ અભિમન્યુ ચૌહાણ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

# PANCHMAHAL- PANCH MAHOTSAV

પંચમહાલ જિલ્લામાં આવતીકાલથી ત્રણ દિવસ પંચમહોત્સવ કાર્યક્રમ યોજાશે. હાલોલના વડાતળાવ ખાતે યોજાનારા આ મહોત્સવમાં રાજ્યના ખ્યાતનામ કલાકારો અલગ અલગ દિવસે વિવિધ કળાની પ્રસ્તુતિ કરશે. અગાઉ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉ. મનમોહન સિંહના અવસાનના કારણે પંચમહોત્સવ કાર્યક્રમ મોકૂફ રખાયો હતો.

# CHHOTA UDEPUR PRAKRUTIK KHETI

છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આજે પહેલી જાન્યુઆરીથી રાત્રિના ત્રણ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી શાક માટેનું બજાર શરૂ કરાયું છે, જેના કારણે ખેડૂતોએ હવે વડોદરા, અમદાવાદ અને સુરતના બજારમાં વેચાણ માટે જવું નહીં પડે.

**છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, પ્રાકૃતિક શાકભાજી પકવતા ખેડૂતોને વિશેષ પ્રાકૃતિક બજાર ન મળતાં તેઓ પોતાના પાક બજારમાં મોકલતા હતા, પરંતુ હવે બોડેલીમાં ખેડૂતો માટે સુવિધા કરવામાં આવી હોવાથી તેમના નાણા અને સમય બચશે.**

# VALSAD - CRICKET CARNIVAL

વલસાડ અને નવસારી જિલ્લા લેઉઆ પાટીદાર સમાજ દ્વારા બે જાન્યુઆરીથી ક્રિકેટ કાર્નિવલ યોજાશે, જેમાં બંને જિલ્લાના 77 ગામના ખેલાડીઓ ઉપરાંત અન્ય લોકો પણ ભાગ લેશે. આ કાર્નિવલમાં 12 ટીમ 4 દિવસમાં કુલ 24 મેચ રમશે. ઉલ્લેખનીય છે કે, આ ક્રિકેટ કાર્નિવલ થકી થનારી લાખો રૂપિયાની આવકનો ઉપયોગ સમાજમાં શિક્ષણ અને આરોગ્ય માટે કરાશે.

# AHD PARA ATHLETIC COMPETITION

અમદાવાદના નિકોલ વિસ્તારમાંમાં યોજાયેલી 47મી ગુજરાત સ્ટેટ પેરા-એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોના 400થી વધુ દિવ્યાંગ રમતવીરોએ ભાગ લીધો હતો. દરમિયાન રાષ્ટ્રીય, આંતર-રાષ્ટ્રીય અને એશિયા પેરા એથ્લેટિક્સ ગેમ્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રમતવીરોનું સન્માન કરાયું હતું તેમજ 45થી વધુ દિવ્યાંગ રમતવીરો રાષ્ટ્રીય રમતો માટે પસંદગી પામ્યા છે.

આ સ્પર્ધામાં ગોળા ફેંક, ભાલા ફેંક, ચક્ર ફેંક, 100 અને 200 મીટર રનિંગ, લાંબી કૂદ, તેમજ ક્લબ થ્રો જેવી રમતોનો સમાવેશ કરાયો હતો.